# સેતુ

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૭** **અંક : ૧૦૬** **ઓક્ટોબર - ૨૦૨૫**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## ગણેશોત્સવનું રહસ્ય

ભાદરવા સુદ ચોથના રોજ સર્વત્ર ગણેશ ચતુર્થીની ઉજવણી થઈ. આ દિવસે લોકો ઘરે, સોસાયટીમાં કે જાહેર પંડાલોમાં ગણપતિની મૂર્તિ પધરાવે છે. પછી કુટુંબીઓ, સ્નેહીઓ અને ભાવુકો સાથે મળીને ગણપતિનું સ્થાપન, પૂજન, અર્ચન, નિરાજન અને દર્શન કરે છે. આ ઉજવણી એક દિવસથી લઈને એક સપ્તાહ સુધી ચાલે છે. લોકો સાથે મળીને નાચતા ગાતા ગણેશમૂર્તિની પધરામણી કરે છે, ભજન કિર્તન કરે છે અને છેવટે ફરી તેઓ નવા વર્ષે જલ્દી પધારે તેવી વિનંતી સાથે મૂર્તિનું વિસર્જન કરે છે. ગણેશોત્સવ આખા સમાજ માટે હર્ષોલ્લાસનું પર્વ બની રહે છે. આપણા આશ્રમમાં પણ સૌએ સાથે મળીને આ ઉત્સવની આનંદભેર ઉજવણી કરી.

આપણે સૌ ગણપતિનો આટલો મહિમા શા માટે કરીએ છીએ એ જાણવું જરુરી છે. લોકોમાં સામાન્ય ખ્યાલ એવો છે કે ગણપતિબાપા વિઘ્નહર્તા, શોકહર્તા અને સુખદાતા દેવ છે. કોઈપણ શુભમંગલ કાર્યના આરંભે એમની સ્થાપના અને પૂજા અર્ચના કરીએ તો આપણા સઘળા કાર્યો, આયોજનો અને પ્રકલ્પો નિર્વિઘ્ને પાર પડે. તેઓ રિધ્ધિ, સિધ્ધિ બુધ્ધિના દાતા છે. તેઓ લાભ શુભના દાતા છે. તેઓ મંગળમૂર્તિ છે તેથી આપણું અમંગળ થવા દેતા નથી. માટે સૌ એમનો આટલો બધો મહિમા કરે છે.

હકિકત જુદી છે. પ્રાચીન અને મધ્યયુગમાં આપણા દેશમાં અનેક આતતાયીઓનો આતંક ચાલતો રહ્યો. શિક્ષણના અભાવમાં લોકો જાતિ, જ્ઞાતિ, ધર્મ, બોલી, ઉચ્ચનીચના ભેદમાં વિખરાતા રહ્યા. દહેશતના માર્યા જીવજંતુ, પશુપંખી, વનસ્પતિ, ઔષધિ, જળાશયો, પર્વતોની પૂજા અર્ચના કર્યા કરતા હતા. એમાં કોઈ તર્ક કે વિજ્ઞાન ન હતું. કેવળ બાળીભોળી માન્યતા હતી.

ત્યારે આદિ શંકરાચાર્યે આપણી સાધના ઉપાસનાની આ અતાર્કિતાને દૂર કરવા પ્રજા સમક્ષ ‘પંચાયતન પૂજા’નો ખ્યાલ રજૂ કર્યો હતો. ગમે તેની ઉપાસના ન હોય, કેવળ ગણેશ, વિષ્ણુ, સૂર્યનારાયણ, ભગવતી પરામ્બિકા અને શિવજી એ પાંચની ઉપાસના કરવાની હોય. આ જ પાંચની એટલા માટે કે વ્યષ્ટિ અને સમષ્ટિનું નિર્માણ પાંચ મહાભૂતો દ્વારા થયેલું છે. એ પાંચ મહાભૂતો એટલે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. અન્ય કોઈ દેવદેવીને બદલે આ પંચાયતનની પૂજા કરવાની હોય.

ગણેશ પૃથ્વીના દેવ છે. એમની સાધના એટલે કર્મ સાધના, વિષ્ણુ જળના દેવ છે, એમની સાધના એટલે ભક્તિ સાધના. સૂર્ય અગ્નિના દેવ છે, એમની સાધના એટલે જ્ઞાન સાધના, ભગવતી વાયુના દેવી છે. એમની સાધના એટલે યોગ સાધના અને શિવ આકાશના દેવ છે. એમની સાધના એટલે નૈષ્કર્મ્યની સાધના. કર્મસાધનાનું ફળ ચિત્તબુદ્ધિની શુદ્ધિનું છે. ભક્તિ સાધનાનું ફળ સાયુજ્ય, સારૂપ્ય, સાલોક્ય છે. જ્ઞાન સાધનાનું ફળ મુક્તિ છે અને ગ સાધનાનું ફળ સિધ્ધિઓ છે અને શબ્દબ્રહ્મની સાધનાનું ફળ નૈષ્કર્મ્ય છે. જીવનને સાર્થક કરવા આમાંથી કોઈ એક સાધના કરવાની હોય. પણ બીજી ગમે તે સાધના કરો તો પણ કર્મસાધના કરવી પડે. કેમકે એ પાયાની સાધના છે. એના દેવ ગણપતિ છે. માટે તેમનો આદર થાય છે. ગણ એટલે સમૂહ, સમૂહ એટલે સમાજ, એના પતિ એટલે ગણપતિ. આપણે જીવનમાં વગર વિઘ્ને સફળતા હાંસલ કરવી હોય તો સહનાવવતુ, સહનૌભુનક્તુ, સૌને સાથે જોડીને જીવનકર્મો કરવાના હોય. જો આ વાત સમજીને લોકો જીવનમાં કર્મો કરે તો એમના જીવનમાં કોઈ કષ્ટ, સંકટ આવતા નથી. આપણે આપણા લાભાર્થે શુભકાર્યો કરતાં હોઈએ તો એમનું પરિણામ મંગળ જ હોય. માટે સર્વકાર્યના શુભારંભ વખતે ગણપતિની સ્થાપના અને મહિમા કરવામાં આવે છે.

અનેક તડાઓ અને ફાંટાઓમાં વિભાજીત થઈ ગયેલા હિંદુ સમાજને એકજૂટ કરવા માટે બહુ દીર્ઘદષ્ટિથી શ્રી બાલકૃષ્ણ ગંગાધર તિલકે ગણેશોત્સવની ઉજવણીની શરુઆત કરી હતી. આવા એકદંત, ગજકર્ણક, લંબોદર, ભાલચંદ્ર, ગજાનન, સુમુખ, વિઘ્નનાશી, ગણાધ્યક્ષ ગણપતિની ઉપાસનાનું આ ખરૂં રહસ્ય છે.

**ડૉ. નરેશભાઈ વેદ**

## જનરેશન ગેપ-નવી પેઢી અને જૂની પેઢી વચ્ચેનું અંતર

૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વડીલો જ્યારે ભેગા મળીને અલક મલકની વાતો કરતા હોય છે ત્યારે તેમના વિષયોની ચર્ચામાં અત્યારની નવી પેઢી માટેનો વિષય પણ હોય છે અને તે છે જનરેશન ગેપ. અત્યારના આપણા સંતાનો જે રીતે રહે છે, જે રીતે આપણી સાથે વર્તે છે, ખોટા ખર્ચા કરે છે. આપણા અંગત સગા સાથેના સંબંધ વગેરે વિષયો પર વાતો થતી હોય છે અને ત્યારે સૌ કોઈને એમ લાગે છે કે અમે અમારા જમાનામાં અમારા વડીલો કહે તેમ જ કરતા. વડીલોને કેવું માન આપતા. જમાનો જ બદલાઈ ગયો છે. **ત્યારે મને તારક મહેતાના ઉલ્ટા ચશ્માના ભીડે યાદ આવે છે. હમારે જમાને મેં તો....**

આપણે જ્યારે આપણા સંતાનોની ઉંમરના હતા ત્યારે આપણા માતા-પિતા અને વડીલો આપણા માટે શું વિચારતા હતા તે જાણવાનો પ્રયત્ન કર્યો હતો ? જેમ જેમ સમયનું ચક્કર ફરતું જાય છે તેમ તેમ કૌટુમ્બિક સંબંધોમાં પણ પરિવર્તન આવતું જાય છે. આપણી ઉંમર ૩૦-૪૦ વર્ષની હતી ત્યારે આપણા વડીલો સાથેની આપણી વર્તણૂક અને નજીકના કાકા-મામા સાથેના આપણા સંબંધો લાગણી સભર રહેતા હતા. આજે આપણા સંતાનોની આપણી સાથેની વર્તણૂકમાં મોટા ફેરફાર લાગતા હોય છે. તેમને પણ પોતાના આગવા સંબંધો હોય છે. અને તેઓ તમારા અંગત સગા-સંબંધીઓ કરતા તેમની સાથે વધારે સંપર્કમાં રહેતા હોય છે. **તેઓ સગા નહીં પણ વ્હાલા હોય છે.** આ ઉપરાંત સમાજના વિવિધ પરિબળો પણ તેમના પર અસર કરતા હોય છે. અમુક અંશે તે સાચું છે કે પહેલા બે પેઢી વચ્ચેનો જનરેશન ગેપ ૨૦-૨૫ વર્ષની ઉંમર વચ્ચે દેખાતો. જ્યારે આજે ૫ વર્ષના બે બાળકો વચ્ચે પણ આ ગેપ દેખાય છે.

આ જનરેશન ગેપની અસર ૬૦-૭૦ વર્ષની ઉંમર પાર કરી ગયેલ વડીલો પર પડતી હોય છે. પિતાને એમ લાગે છે કે મેં ખૂબ જ મહેનત કરીને બિઝનેસ એસ્ટાબ્લિશ કર્યો અને આજે મારો દિકરો મને કશું પૂછતો નથી. મારા ઘરમાં મારો અભિપ્રાય લેવાનો નથી. મારા ભાઈ બહેનો સાથે સંપર્કમાં રહેતા નથી. સાસુને લાગે કે આ ઘર માટે મેં આખી જીંદગી મૂકી અને આજે મારી વહુ પોતાનું ધાર્યું જ કરે છે. આ ઘરમાં મારી કોઈ ગણતરી નથી. આવા બધા વિચારોથી વડીલોનો અહ્મ ઘવાય છે અને તેઓ દુઃખી થાય છે. પરંતુ જ્યારે આપણે તેમને પૂછીએ કે તમારી ખાવા-પીવામાં તો કોઈ તકલીફ નથીને, તો કહેશે કે ના ભાઈ ના અમને ખૂબ સારી રીતે રાખે છે. માંદગીમાં બધું કામ પડતું મૂકી અમારી સાર-સંભાળ મન મૂકીને કરે છે. અમે ના કહીએ તો પણ અમારા માટે લાખ-લૂટ ખર્ચા કરે છે. અમારે જાત્રાએ જવું હોય તો અમારી બધી સગવડ પણ કરી આપે છે. મારું માનવું છે કે જનરેશન ગેપ એ આ જમાનાની તાસીર છે અને તે સૌએ સ્વીકારી લેવી જોઈએ.ઉંમર વધતાં આપણે વધારે પડતા સંવેદનશીલ થતા જઈએ છીએ. પહેલા આપણી ૩૦ થી ૫૦ વર્ષની ઉંમરમાં આપણે આપણું ધાર્યું કર્યું. હવે આ આપણા સંતાનોનો સમય છે. તેમને જે યોગ્ય લાગે તે કરવા દેવું જોઈએ. માંગ્યા વગર સલાહ ના આપવી અને કદાચ માંગે તો આપવી પરંતુ આપણી સલાહ પ્રમાણે જ કરે તેવો આગ્રહ ના રાખવો. **અહ્મ છોડવો પડશે.**

જો આપણે પાછલી જિંદગી સારી રીતે ભગવાન નામ-સ્મરણમાં અને સંતોષપૂર્વક જીવવી હોય તો હવે આપણે છોડતા શીખવું પડશે.

**પ્રભુને પ્રાર્થના કરીએ કે સૌને સદ્‌બુદ્ધિ આપે**
**અને આનંદથી જીવવાની શક્તિ આપે.**

**ડૉ. નરેશ રમણલાલ શાહ**

# અશક્તાશ્રમના આશ્રયે

## તેરા દર્દ ન જાને કોઈ

- ઉષા ચંદ્રવદન શાહ

બહેન ! એમણે મારો હાથ પકડીને ઢસડવા માંડ્યું. ઘરની બહાર રસ્તા પર ઢસળતા આગળ ચાલતા મારો ચોટલો ખોલી નાંખ્યો. 'આ તમે શું કરો છો ? હું કરગરવા લાગી', હવેથી હું કંઈ વાંધો નહીં લઉં પણ મને છોડો. હું બરબાદ જેવી થઈ ગઈ. બાકી રહ્યું હતું તે મારું મોઢું રસ્તા પર પછાડવા લાગ્યા. બહેને, એમ કહી બોખું મોઢું બતાડ્યું. એ જોઈ મને તો અરેરાટી આવી ગઈ. મારો સાડલો ફાડી નાંખ્યો. બ્લાઉઝ ચીરી નાંખ્યું. મારા હાથમાં વાડકો આપ્યો. લાત મારી કહે 'જા ભિખારણ બનીને ભીખ માંગ.' વાણિયાની દીકરી રસ્તાની ભિખારણ બની ગઈ.

મેં પૂછ્યું. તમારો પતિ તમારી આટલી બધી અવદશા રસ્તા પર કરતોતો આજુબાજુ ચાલતા લોકોમાંથી કોઈ તમારા બચાવ પક્ષે ન આવ્યું ? ના બહેન, સૌ ફક્ત જોતા હતા. આ છે આપણા સમાજમાં પ્રવર્તતા વિચારોની કમાલ, વાગોળેલી વાતો આ છે આપણી સ્ત્રી દાક્ષણ્યતા, આ છે આપણો સ્ત્રી પ્રત્યેનો સન્માન ભાવ, આ છે આપણે વાગોળેલી સ્ત્રી સ્વતંત્રતા. છેવટે થયું શું ? કોઈકે આ જોયું હશે તેમણે મારા ભાઈને જાણ કરી. મારો ભાઈ આવ્યો અને મને લઈ ગયો. આ રસ્તા પર ઢસળાતી બાઈનું ભવિષ્યે આગળ એને ક્યાં ઢસળી ?

બહેનની કરુણા સભર વાતોથી ઈંતેજારી વધી ગઈ. આગળ પૂછ્યું : તમારું દામ્પત્યજીવન પહેલેથી જ આવું હતું બહેન ? ના... બહેન દાબીને બોલ્યા. મારો છોકરો પરણ્યો, વહુ આવી અને આ શરુ થયું. તમારો છોકરો કંઈ કરી ન શક્યો ? બિચારી જવાબ ના આપી શકી. આ વાત કરવી મુનાસીફ ન લાગી. આગળ વધીએ. લક્ષ્મણ રેખા ઓળંગી ગયેલો એ તો પછી અમારી સામે રહેતા લોકોના દિકરાની વહુને પણ લપેટવા લાગ્યો કાંતો લપટાવા લાગ્યો. આ ચાલુ રહેલી રફતાર આ બહેન સહન કરી ન શક્યા. પ્રતિકારરૂપે તેમણે **"આ હું નહીં ચલાવી લઉં."** વગેરે વગેરે શરુ થયું. પ્રતિકારરૂપે એ લંપટ પુરુષે બહેનને મારવાનું શરુ કર્યું. દિકરાની વહુએ સાથ આપવા માંડ્યો. તેનો પતિ જાય પછી આના પતિને ફોન કરે, એ આવે અને આને મારે. બેસુમાર મારે. એક વખત તો એનું ગળું દબાવી દીધું. બહેન ૧૫ મિનિટ બેભાન રહી. છેવટનો જ બનાવ જે મેં ઉપરોક્ત વર્ણવ્યો છે તેની બીના કંઈક આવી છે. વહુએ ગોટા બનાવેલા,. તેમાં બે તપેલીમાં બે ખીરા બનાવેલા. વહુએ છાનેમાને એક ખીરામાં એક પડીકી કાઢી તેમાં રહેલો પદાર્થ ભેળવી દીધો. બહેન આ બધું છાનેમાને જોઈ ગયા. તેમણે હોહાપો કર્યો અને તપેલી લઈ પોલીસ પાસે જવાનો પ્રયત્ન કર્યો. શું તાકાત છે આ બહેનની !!!

આ બધા સમય દરમ્યાન તમારો દીકરો તમને કઈ રીતે મદદરુપ થતો ? બહેન ! એ લોકો મને ખાવાનું ના આપતા એ છાનેમાને ખવડાવી જતો. મને રાતે સુવાનું ગાદલું ઓઢવાનું કાંઈ ન આપે ત્યારે રાતે ઓઢાડી જતો. ટૂંકમાં જેટલી અછત હોય તેની છત ઉભી કરતો. હવે બહેનના જીવનમાં ઉભો થતો નવો ઈતિહાસ શરુ થાય છે. જીવનસાથીએ ભિખારણ બનાવેલી બહેનને લોહીના સંબંધે તેનો ભઈલો લેવા આવ્યો.

હવે જુઓ કરમની કઠણાઈ. બહેનને લઈ પોતાને ઘેર ગયો. બારણામાં જ પત્નીએ અટકાવ્યો. મારા ઘરમાં એને લાવશો નહીં. ભાઈ પાછો ફર્યો. બહેનને લઈ બીજી બહેનને ત્યાં ગયો. ભાઈ-બહેનને આવકાર્યા અને ભાઈને બિલકુલ નચિંત બની જવા કહ્યું. ભાઈ, બહેન પર જવાબદારી નાંખી બેસી ન રહ્યો. એક રુમ શોધી કાઢી બહેનને ત્યાં ગોઠવી દીધી. નાની બહેન આવી સવારની ચાની તપેલીથી માંડીને રાત્રે સુવા સુધીનું ગાદલું એવું જરુરી સામાન લઈ આવી. ભગવાન એક બારી ખુલ્લી રાખતો હોય છે. ભાઈએ બે...ય. ટાઈમનું ટીફીન બંધાવી આપ્યું. બહેને અહીં બે વર્ષ ગુજાર્યા. તે પછી નાની બહેન આવી તેના ગામમાં લઈ ગઈ. ત્યાં ચાર વર્ષ કાઢ્યા.

એક સુંદર સવારે નાની બહેન આવી અને અશક્તાશ્રમની વાત કરી. એકલા રહેવું નહીં. બધાની વચ્ચે બધાના થઈ આનંદથી રહેવું. એકલા ને બદલે બધાની વચ્ચે મેળામાં આવ્યા.

બહેન બોલકણા, મળતાવળા, તરવરીયા અને કામગરા છે. કોઈપણ કામમાં મદદ આવે તેવા છે. ગૃહમાતા વિમળા બહેનને મંદિરના કામમાં વધુ મદદ કરે. કામમાં ચોખ્ખા અને જવાબદારી પૂર્વક પુરુ કરે તેવા.

મૂળ વેપારીની દિકરી. કોપરા અને ગોળના જથ્થાબંધ વેપારી. ચાર બહેનો અને બે ભાઈઓ સમૃદ્ધિમાં આળોટતા. બહેન ! અમારી બા અમને રોજ મગસનું ચકતું, કોપરુ-ગોળ ખવડાવતી. અમે બધા... બહેન! આ... તો પહોળો હાથ કરી હસવા લાગ્યા. એટલે તો લખલૂટ પૈસામાં આળોટતી આજ દીકરી શિયાળો આવે એટલે વિચારે બદામ-પિસ્તા-કાજુ-દ્રાક્ષ-અખરોટ આ બધાના ભાવ તો બહુ છે. કોપરા-ગોળમાં રમતી દીકરી આજે તેમના ભાવ જોઈને ધ્રુજે છે. નિયતિની કમાલ જુઓ !!

બહેન અશક્તાશ્રમમાં રહેવા આવેલા છે. એકલાતામાં સપડાયેલા બહેન તેમાંથી બહાર આવ્યા અને કોની વચ્ચે આવ્યા. મારા જેવા તો અનેક છે. અંદર ઉમટતી આગો ટાઢી પડશે.

તેમની કાર્યક્ષમતા જોઈને ગૃહમાતા વિમળાબહેને તેમને મંદિરના કામોમાં પરોવવા માંડ્યા. મંદિરના ચીવટવાળા કામમાં તે કામ લાગશે અને તેનું મન બીજી બાજુ વળશે-ભગવાનમાં ભરોસો ચોંટશે. બહેન કામ કરતા ગયા-વિમળાબા કામ વધારતા ગયા. પછી તો લગભગ બધું જ સોંપી દીધું.

ભર્યા ઘરમાં-ભર્યા મનમાં ઉછરેલી દીકરી કમનસીબને લઈ ખોબે ખોબે રડતી આજે પણ કોઈકવાર યાદ આવી જાય છે અને રડે છે. ઢસેડવાનો તો બનાવ, ઢસેડાતી જીંદગી લઈ ઢસેડાતી જાય છે. ક્યારેક પોતે શું કરે છે તે ખબર ન પડતા સૂનમૂન થઈ જાય છે. પારકાને જ પોતાના કર્યા છે તેથી તેમાંના ઘણા આગળ તેણે પોતાનું હૃદય ખલ્યું છે. બ...સ લોકોને બીજું જોઈએ શું ? આ બિચારી બધાનો પ્રેમ ઝંખે છે. લોકો તેને તેમની ટૂંકી બુદ્ધિ પ્રમાણે માપે છે અને વર્તે છે.

**"વિધિ ને તેરી કથા લિખિતો આસું મે કલમ ડુબોઈ,**
**તેરા દર્દ ન જાને કોઈ તેરા દર્દ ન જાને કોઈ"**

# સંસ્થા સમાચાર

**- કે. બી. શાહ**

### ચાતુર્માસ પ્રારંભ

ચાર માસનો પ્રારંભ થઈ ગયો. દિવાસો અમાસ આવે પૂર્વજોનું ગણિત દેવદિવાળીને ૧૦૦ દિવસ રહ્યા. હવે સમગ્ર ચારે માસ દરમ્યાન તહેવારોના દીવા જ દીવા.

### ૮-૭-૨૦૨૫ ગૌરીવ્રત પ્રારંભ

ગૌરીવ્રત જાણે અજાણે દીકરીઓ માટે જ્યારે તે સાસરે જશે ત્યારે કેવી તકલીફો વચ્ચે પણ આનંદથી રહેવાનું તેનો ટ્રેનીંગ પિરીયડ છે. સત્સંગ હોલમાં આકર્ષક વર્તુળ બનાવી તેમાં દીવડા ગોઠવી જાણે નવરાત્રીની પૂર્વ તૈયારી જેવું વાતાવરણ ખડું કરવામાં આવ્યું. પાંચેય દિવસ નવતર પ્રયોગ. કુંવારીકાઓને આમંત્રીત કરવામાં આવે. ૧૫૦ કુંવારીકાઓએ પહેલા દિવસે સુંદર ગરબા પણ કર્યા. વડીલશ્રી ચંદ્રવદનકાકા તરફથી દરેક દીકરીઓને ખાઉ માનભેર બટવામાં મૂકી વિતરણ કરવામાં આવ્યું. બટવા પણ આભલાથી ભરેલા સુંદર લાગે. રોજ કંઈક નવિન અને નવિન. નાસ્તાના ડબ્બા, રુમાલ, ફરાળી બિસ્કીટ, વેફર, આઈસ્ક્રીમ વાહ ભાઈ વાહ પાંચ દિવસ સત્સંગ હોલ ભરચક આનંદ ઉમંગ ઉત્સાહથી હર્યો ભર્યો રહ્યો.

### ૧૨-૭-૨૦૨૫, હિંડોળા પ્રારંભ

અષાઢ વદ-૨ હિંડોળા પ્રારંભ થયો. ભાઈ શ્રી પૂનિત, પિન્કી અને આશ્રમની બહેનોના પ્રયત્નથી નીત નવા હિંડોળા ભરાય. હિંડોળાને લગતા પ્રસંગોપાત ભજનો ગવાય, સુરંગી, શાકભાજી, લીલો મેવો, ફૂલોનો બગીચો અને સુકા મેવાના હિંડોળા થયા. પવિત્ર રાખડીના હિંડોળા પણ થયા. આશ્રમના પ્રવેશદ્વારે પ્રવેશ કરનારને પહેલા જ શ્રી રામ લક્ષ્મણ જાનકી અને શ્રી હનુમાનજીના દર્શન થાય તેવા શુભ હેતુથી વડીલશ્રી ચંદ્રવદનકાકાના ગામદેવીવાળા ઘરે ખૂબ જ જૂની વર્ષો પહેલાની મૂર્તિઓ હતી તે અહીં લાવી તેને આકર્ષક રીતે મંદિરમાં ગોઠવવામાં આવી. મૂર્તિઓ એમ જ તો બિરાજમાન કરાય નહીં. ભજન કીર્તન તો હોય જ. શ્રી રંગ અવધૂત ભજન મંડળના ભજનીકો દ્વારા રામજીને લગતા ચુનંદા ભજનો શોધી શોધી વાતાવરણ પવિત્ર બનાવવામાં આવ્યું.

### બાળમિત્ર કાર્યક્રમ

નજીકની બે શાળાના બાળકો માટે પૌષ્ટિક કઠોળ યુક્ત નાસ્તાનું નિયમિત આયોજન કરવામાં આવ્યું. આશ્રમવાસી રશ્મિકાંતભાઈ, આશ્રમની બહેનો, સ્વજનશ્રી દિલીપભાઈ એ. શાહની મહેનત રંગ લાવી રહી છે. મગ, ચણા, તુવેર, કોપરાનું છીણ અને ફ્રૂટમાં કેળા સફરજન વગેરેનું આયોજન થતું રહે છે. બાળકો ફાસ્ટ ફૂડ અને નમકીનના તૈયાર પડીકા ખાય તેનાથી બાળકોના આરોગ્યને નુકસાન પહોંચે છે. તે ચિંતા વડીલ શ્રી ચંદ્રવદનકાકાને થઈ અને તેના પરિણામે આ પ્રયોગનું અમલીકરણ કરવામાં આવ્યું. હંમેશા ખૂબ ઉત્તમ વિચારોને સફળ આયોજનના આગ્રહી શ્રી ચંદ્રવદનકાકા આ ઉંમરે પણ યુવાનોને શરમાવે તેવી દ્રષ્ટિ શક્તિના દર્શન કરાવે છે.

તા. ૧૫-૭-૨૦૨૫ ડોક્ટર નરેશભાઈ વેદ સાહેબ પધાર્યા. એક વિદ્વાન વ્યક્તિત્વ જેમણે હિંડોળા અને પારણાનો ભેદ સમજાવ્યો અને ન જાણીતી બાબતો રજૂ કરી સૌને દિગ્મુઢ બનાવ્યા. હિંડોળા પારણાનું હાર્દ સમજાવ્યું. ખાસ તો શ્રાવણ માસમાં ફક્ત રૂપિયા ૧૦૦૦ની યોજના હેઠળ બહારથી વૃદ્ધો આવ્યા તેમણે આશ્રમમાં ચાલતી પ્રવૃત્તિઓનો લાભ લીધો.

તા. ૨૪-૭-૨૦૨૫, સ્ટેશન પ્રાથમિક શાળાના બાળકોને રસ, પૂરી, પાત્રા, બટેટાની સૂકી ભાજી જમાડ્યા. વડીલ શ્રી ચંદ્રવદનકાકાને વિદ્યાર્થી બાળકો પ્રત્યે ખૂબ લગાવ છે તેથી કંઈક ને કંઈક નવતર પ્રયોગ થતા રહે છે.

### તા. ૨૬-૭-૨૦૨૫, શિક્ષક એવોર્ડ સન્માન સમારંભ

રાષ્ટ્રપતિ ડૉક્ટર રાધાકૃષ્ણનનો જન્મદિન પાંચમી નવેમ્બર શિક્ષક દિન તરીકે દેશમાં ઉજવાય. પરંતુ આશ્રમમાં રાધાકૃષ્ણ મૂર્તિ સ્વરુપે તો ખરાજ પરંતુ હરતા ફરતા શ્રી ચંદ્રવદનભાઈ અને સુશ્રી ઉષાબેનના ફળદ્રુપ મસ્તિષ્કમાં એક ફળદ્રુપ વિચાર આવ્યો કે જે પ્રાથમિક શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકગણ સાચા અર્થમાં બાળકોને પાયામાંથી શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરે છે જે ભવિષ્યના દેશના નાગરિક થવાના છે. જેનાથી રાષ્ટ્ર ગૌરવવંતુ બનનાર છે. તેમનો સન્માન સમારંભ થવો જોઈએ. ડાકોરની ત્રણ અને નજીકના ગામની બે પ્રાથમિક શાળાના આદર્શ આચાર્યો અને શિક્ષકોને ખાસ માનભેર આમંત્રિત કરવામાં આવ્યા. સૌએ પોતપોતાની રીતે જે કાર્ય સુવાસ ફેલાવે છે તેનાથી સૌને સુપરિચિત કરાવ્યા. ટ્રસ્ટીશ્રી ડૉક્ટર નરેશભાઈ વેદ સાહેબના અધ્યક્ષપણા હેઠળ કાર્યક્રમનું સફળ આયોજન થયું. વેદ સાહેબે શિક્ષકનું મહત્વ સમજાવ્યું. ધારે તો શિક્ષક શું ના કરી શકે તેનાથી સૌને અવગત કરાવ્યા. જોકે હાલ શિક્ષક અનેક સરકારી જવાબદારીઓ વચ્ચે કાર્ય ભારણ હેઠળ કામ કરે છે. તેની પણ નોંધ લીધી. એવોર્ડ માટે જે સરસ્વતીમાંની ૧૮"ની ભવ્ય માર્બલ મૂર્તિ આપી હતી. તે ખૂબ જ આકર્ષક હતી. જે સ્મૃતિભેટ અપાઈ તે પણ શિક્ષકોને પ્રોત્સાહિત કરનાર હતી. બે શાળાના આચાર્યશ્રીઓએ પોતાનો જે પ્રતિભાવ આપ્યો તે હૃદય સ્પર્શી હતો. વેદ સાહેબ કહે કે નેતાને અભિનેતાના સન્માન સમારોહ થાય છે. પણ શિક્ષકોનું આટલું મોટું બહુમાન અશક્તાશ્રમ જ વિચારી શકે. કાર્યક્રમનું સંચાલન નિવૃત્ત આદર્શ આચાર્ય શ્રી જયદીપસિંહ ડાભી સાહેબે સમય મર્યાદા જળવાય તેનું સતત ધ્યાન રાખી રસપ્રદ રીતે કર્યું. આ પ્રસંગે શ્રી નરેશભાઈ શાહે આભાર વિધિ કરી. કાર્યક્રમમાં ભરચક હાજરી કાર્યક્રમને ચાર ચાંદ લગાડતી હતી. રામરોટી સેવા મંડળના પ્રમુખશ્રી વિનોદભાઈ સુખડિયાએ ભાઈશ્રી પુનિતની આશ્રમ ખાતેની સેવાથી આકર્ષાઈને ડોન બોસ્કો હાઈસ્કુલ ખાતે સેવા એવોર્ડ આપ્યો. વડીલ શ્રી ચંદ્રવદનકાકાને પણ વિશિષ્ટ રીતે સન્માન પત્ર આપી નવાજ્યા.

### રક્ષાબંધન

પ્રજાપિતા બ્રહ્માકુમારી અર્પિતાબેને સૌને રક્ષા બાંધી. ૧૫મી ઓગષ્ટે ૭૯માં સ્વાતંત્ર્ય દિને આશ્રમના સફળ વહીવટી અધિકારી એવા સુશ્રી નિર્મળાબેન ચાંગેલાના હાથે ધ્વજવંદન કરવામાં આવ્યું. રાષ્ટ્રભક્તિના ગીતો ગવાયા. આઝાદી માટે જેમણે બલિદાન આપ્યા એવા રાષ્ટ્રવીરોને તેમની શહાદતને યાદ કરી તેમની શહાદત એળે ન જાય તે જોવાની આપણી હવે નૈતિક જવાબદારી બની રહે છે. નાતજાતના, કોમવાદના ભેદભાવ મિટાવીને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે પ્રતિબદ્ધ બનીએ એવા સંકલ્પ કર્યા.

### ૧૬મી ઓગષ્ટ જન્માષ્ટમી-શ્રી ઉષાબેનનો જન્મ દિવસ

સવારથી જ નંદ ઘેર આનંદ ભયોનો ગુંજારો. રાત્રે રાધાકૃષ્ણ મંદિરના કઠેરે લોખંડના સળિયા લગાવી જેલ ઉભી કરવામાં આવી. કૃષ્ણના મસ્તકે કૃષ્ણને નંદબાવા બનાવી માથે ટોપલો મૂકી શ્રીકૃષ્ણને મથુરાની જેલમાંથી ગોકુળ લઈ જતાનો અનુભવ સૌને કરાવ્યો. ભાઈ પુનિતની આ કાર્ય કરવાની દ્રષ્ટિ કેબીના હૃદયને છીનવી ગઈ. કૃષ્ણ જન્મની વધાઈના ભજનો ગવાયા. કે.બી. શાહનું ભજન અવિનાશ વ્યાસ લિખિત એ ગાયક મુકેશથી ગવાય. હવે પ્રભુ અવતાર લો તો જાણું આજે ખરું અવતરવાનું ટાણું. વડીલ શ્રી ચંદ્રવદનકાકાને ખૂબ ગમ્યું. જેની તેમને ખાસ નોંધ લીધી. જે સાંભળી ભજન ગાનારને પણ કદર દાતા પ્રત્યે મનોમન પૂજ્ય ભાવ થયો. અવિનાશી શ્રી કૃષ્ણ જન્મની સાથે યોગાનુયોગ આજે સુશ્રી ઉષાબેનનો પણ જન્મદિવસ. પહેલા તો મુંબઈ રહેતા ત્યારે આશ્રમવાસીઓને દેશ દૂર લાગતો પણ હવે તો અમારી પાસે આવી ગયા. એમનું વાત્સલ્ય અને પ્રેમાળ સ્વભાવ સૌને માટે પ્રેરણારુપ છે.

### ૧૭ ઓગષ્ટ નંદ મહોત્સવ

મટકીફોડ કૃષ્ણજન્મના બીજા દિવસે સમગ્ર ભારતમાં નંદોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આશ્રમ પણ તેમાંથી બાકાત નથી. નંદ મહોત્સવના દિવસે આશ્રમમાં અજયગાર્ડનમાં વચ્ચોવચ માખણની માટલી બાંધવામાં આવી અને નાનો કાનુડો તેના બાળમિત્રો સાથે આશ્રમમાં ફર્યો. બધા વડીલોના આશીર્વાદ લીધા અને સુંદર રીતે મટકીફોડનો ઉત્સવ ઉજવાયો. પ્રજાપિતા બ્રહ્માકુમારીના અર્પિતાબેને નંદ મહોત્સવ શા માટે ઉજવાય તેની વિસ્તૃત માહિતી આપી.

### ઢોંસા પાર્ટી

ભાઈશ્રી પુનિત પછી બીજા સૌના લાડકા એવા ઉત્પલભાઈ. ઉત્પલભાઈ આવે એટલે આશ્રમવાસીઓને જલસા જ જલસા. ખાસ ઢોંસા પાર્ટી નું આયોજન થયું. સૌને કોઠીનો આઈસ્ક્રીમ ખવડાવી જુના જમાનાની યાદો તાજી કરાવી. આયોજનોથી આશ્રમ ગુંજતો ધબકતો લાગે.

### ગણેશ ચતુર્થી ૨૬ ઓગષ્ટ

ભાદરવા સુદ ચોથ ગણેશ ચતુર્થીએ ગણેશજી ઠેરઠેર પધાર્યા તો આશ્રમ કેમ બાકાત રહે ? પાલખીમાં ગણેશજીને વટભેર તૈયાર કરી બેસાડ્યા. ગણેશ ભજનો અને ગણપતિ બાપા મોરિયાના નાદ સાથે શોભાયાત્રા પ્રત્યેક આશ્રમવાસીને દર્શન કરાવતી નીકળી. સત્સંગ ગરબા પણ થયા. થાળ આરતી મિષ્ટ ભોજન તો હોય જ.

**-રાધિકાબેન મોદી (પ્રાર્થના પરિવાર)**

**અમૂલ્ય ભેટ**

પરમાત્માની અમૂલ્યમાં અમૂલ્ય ભેટ લઈને આપણે અહીં આવ્યા છીએ. એ છે જીવન. આપણને કોઈ પાસેથી અમૂલ્ય ભેટ મળે તો એનું કેટલું જતન કરીએ છીએ ! સાચવીને રાખીએ છીએ. તો આ તો પરમાત્મા તરફથી મળેલ ભેટ છે અને તે પણ કંઈ કેટલાય જન્મોના લેખાજોખા પછી આપણને મળી છે. તો એનું જતન તો કરવું જ રહ્યું. ફક્ત જતન નહીં એને વધુ સુંદર બનાવવાનું અને મઠારવાનું પણ જરુરી છે અને એ કામ આપણે પોતે કરવાનું છે. પરમાત્માએ જીવન આપ્યું. સાથે આપણને વિવેક આપ્યો, બુદ્ધિ આપી, જે અન્ય કોઈ યોનિને નથી આપી. પરમાત્માની કેટલી અસીમ કૃપા છે કે આ વિવેક, બુદ્ધિ વડે જીવનને ઉન્નત કરી આપણે પરમાત્મા સમીપે જઈ શકીએ છીએ. પણ એ માટે આપણે જીવનને સુંદર બનાવવું પડે, મઠારવું પડે પણ સવાલ એ છે કે ક્યારે અને કઈ રીતે ?

જ્યારે આપણને ભૂખ લાગે છે, તરસ લાગે છે કે કુદરતી હાજતે જવાનું થાય છે ત્યારે એ આપણે મુલતવી રાખતા નથી. તો પછી જીવનને મઠારવાનું કેમ મુલતવી રાખવું ? નથી રાખવું ને ? તો હવે આજે અને અત્યારથી જ એ તરફની યાત્રા શરુ કરી દઈએ.

પહેલા એ જાણી લઈએ કે આ યાત્રામાં આગળ વધવામાં કયા અવરોધો નડે છે. આપણામાં કઈ કઈ ખામીઓ છે જે દૂર કરવી જરુરી છે. જે નડે છે, કનડે છે એને દૂર કરવાનું કામ આપણું જ છે.

બુટમાં કાંકરી ભરાઈ ગઈ હોય તો શું કરશું ? બુટ કાઢીને કાંકરી કાઢીશું. કાઢ્યા પછી જ સરસ ચાલી શકાય છે. ખરું ને ? એમ જ જીવનના નડતરો દૂર કરવાનું શરુ કરવું પડશે. તો જ જીવનને સુંદર બનાવી શકીશું. મઠારી શકીશું, ચાલો આપણે આ અવરોધોને જાણીએ.

**અસંતોષ :** જ્યાં છીએ અને આપણી પાસે જે છે એનો અસંતોષ, પરમાત્માની વ્યવસ્થામાં વિશ્વાસ ન હોય ત્યારે જ અસંતોષ પ્રગટે. પરમાત્મા જે કરે તે મારા સારા માટે જ છે. એ ભાવનાનો અભાવ એ અસંતોષ. અસંતોષી જ્યાં ત્યાં દુઃખ અને દોષ અનુભવે છે. હવે જ્યારે આપણે જ્યાં છીએ અને આપણી પાસે જે છે એનું સુખ અનુભવીએ, એ પર્યાપ્ત છે એ સ્વીકારીએ ત્યારે અસંતોષનો દોષ દૂર થાય અને સંતોષી બનીએ.

**ભય :** મારું શું થશે ? આ ભવિષ્યનો ભય આજને કોરી ખાય છે. રોટી, કપડા, મકાન ત્રણેય છે. છે ને ? પછી ભય શાનો ? મૃત્યુનો ? એ પણ રાખવાની ક્યાં જરૂર છે ? મૃત્યુ તો નવા જીવનની શરુઆત છે. પોતાના ઘરે પાછા જવાની ક્ષણ છે. તો જીવનને સુંદર રીતે મઠારીને ખુશી ખુશી જઈએને ?

**ઈર્ષ્યા :** કોઈને ઓછી મહેનતે ઘણું મળતું દેખાય એટલે એની ઈર્ષ્યા થાય. દરેક વ્યક્તિને પોતાના ભાગ્ય પ્રમાણે બરાબર જ મળેલું છે. પછી એ ધન હોય કે માન સન્માન હોય. આપણા ભાગ્યમાં જે છે અને જેટલું છે એ મળ્યું જ છે. આ અવરોધને દૂર કરવા પોતાને મળેલામાં સંપૂર્ણ સંતોષ રાખવો અને એ માટે સતત પરમાત્માનો આભાર માનવો.

**આગ્રહ છોડવો :** આગ્રહ એ ક્રોધનો જન્મદાતા છે. અને અભિમાનનું મૂળ છે. પોતાનું ધાર્યું જ થાય એ આગ્રહ છોડીએ તો હળવાશનો અનુભવ થાય. કહ્યું છે ને કે આપણું ધાર્યું થાય તો હરિકૃપા અને ન થાય તો હરિઈચ્છા.

અભિમાન, અસલામતી, પરદોષદર્શન આ બધા અવરોધો છે એને ધીરે ધીરે જાગૃત રહીને દૂર કરતા જઈએ અને જીવનને ઉન્નત કરવા માટેના પ્રયત્નો કરીએ.

સોનાને જ્યારે તપાવવામાં આવે છે ત્યારે એની કિંમત વધે છે. હીરાને પણ ઘસવામાં આવે છે ત્યારે તેની કિંમત નહીં તો પત્થર, એમ તપની જીવનને પણ ઘસાઈને ઉન્નત કરી શકાય. એ માટે શ્રમ કરવો પડે. આશ્રમમાં આપણા ભાગે જે કાર્ય કરવાનું આવે, જે કાર્ય એવું લાગે કે કરી શકીએ એવું છે તો સ્વેચ્છાએ ઉપાડી લઈએ અને એ ઉત્સાહથી અને નિષ્ઠાથી કરીએ એમાં શરીર ઘસાતું નથી. પરંતુ જીવન ઉજળું થાય છે. સંસારમાં જેમણે પણ માન સન્માન મેળવ્યા છે એ બધા જ ઘસાયા છે. તપ્યા છે. એ તો એમના જીવન ચરિત્ર વાંચીએ ત્યારે સમજાય.

સાથે સાથે સતત પરમાત્માનું સ્મરણ કરતા જઈએ. એના સ્મરણથી શરીરમાં ઉર્જાની અનુભૂતિ થાય અને જે કાર્ય કરતા હોઈએ એ કાર્ય કર્યાનો થાક નહીં પણ આનંદ અને સંતોષ અનુભવાય. તો ચાલો પરમાત્માની આ મળેલી અમૂલ્ય ભેટ જીવનને ઉન્નત કરવાની યાત્રા અત્યારથી જ શરુ કરી દઈએ.

**શ્રદ્ધાંજલિ**

આદરણીય શ્રી વિનોદભાઈ ઠાકર તેમનું જીવન કાર્ય પૂર્ણ કરી તા. ૨-૮-૨૦૨૫ના રોજ ૮૧ વર્ષની ઉંમરે દિવ્યલોકમાં સિધાવ્યા છે. તેઓશ્રી અશક્તાશ્રમ સાથે સેતુના માધ્યમથી જુલાઈ ૨૦૨૧થી જોડાયેલ હતા. તેમણે સેતુમાં આશ્રમના વડીલો અને સમાજના સિનિયર સીટીઝન માટે પાછલી અવસ્થામાં કેવી રીતે જીવન વ્યતિત કરવું તે માટે મનનીય આર્ટિકલ્સ છેલ્લા ૪ વર્ષથી આપ્યા છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી અંતરની પ્રાર્થના.

રાધિકાબેન મોદી પ્રાર્થના પરિવાર સાથે ઘણા વર્ષોથી જોડાયેલ છે, તેઓએ વિનોદભાઈના નિધન પછી પ્રાર્થના પરિવારની જવાબદારી સ્વીકારી છે. મેં તેમને વિનંતી કરતા તેમણે સેતુ માટે આર્ટીકલ આપવાનું હૃદયપૂર્વક સ્વીકાર્યું છે. ઓક્ટોબર ૨૦૨૫ના અંકથી હવે પછી રાધિકાબેનનો હેતુલક્ષી આર્ટીકલ સેતુના છેલ્લા પાને આપણને સૌને વાંચવા મળશે.

રાધિકાબેન, સેતુમાં અર્ટિકલ આપવાની જવાબદારી સ્વીકારવા બદલ હું આપનો આભારી છું.

**Book Packet - Printed Book**

પ્રતિ શ્રી


પ્રેષક :

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,
ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858





સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦